# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૬ તા.૩-૭-૧૫

**(પરીપત્રનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ જ નવા કે રીન્યુઅલ ફોર્મ ભરશો.)**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષયઃ-** **ભારત સરકારશ્રીની લઘુમતિ જાતિના વિદ્યાર્થીઓ માટે પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિના ફોર્મ વહેંચણી બાબત.**

**સંદર્ભઃ-** **(૧) જિલ્લા નાયબ નિયામકશ્રીના નં.જિનાનિ/વિજા/લઘુ.શિ.વૃત્તિ/૨૦૧૫-૧૬/૧૧૮૪૦ થી ૧૬૩૩૯/તા. ૨૦-૦૪-૧૫.**
**(૨) જિનાનિ/વિજા/લઘુ.શિ.વૃત્તિ/૨૦૧૫-૧૬/૨૦૧૯૭ થી ૨૪૧૯૭, તા. ૧૧/૦૫/૨૦૧૫ના પરિપત્રના અનુસુંધાને.**

ઉપરોક્ત વિષય તથા સંદર્ભના અનુસંધાને જણાવવાનું કે ભારત સરકારશ્રીની પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ **ધાર્મિક લઘુમતિ** (મુસ્લિમ,ખ્રિસ્તી,શીખ,પારસી,જૈન અને બૌધ્ધ)નાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રાજ્ય સરકારશ્રીએ શિષ્યવૃત્તિ ચૂકવવાનું નક્કી કરેલ છે. જેથી આપની શાળામાં ધો. ૧ થી ૮માં અભ્યાસ કરતા ધાર્મિક લઘુમતિ જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/ફી મંજૂર કરવા માટે આ સાથે સામેલ નિયત પત્રકમાં સંપૂર્ણ વિગતો સહિત નીચે દર્શાવેલ સાધનિક કાગળો સાથે જ દરખાસ્ત રજુ કરવાની રહેશે. પ્રિ.મેટ્રીક શિ.વૃ.ના નવા તથા રીન્યુઅલ ફોર્મ પરિપત્રમાં જણાવેલ તારીખે અને સમયે જે તે ઝોનની શાળાઓએ નમૂના મુજબના રિપોર્ટ સાથે (શાળાના મુખ્ય શિક્ષકશ્રીના સહી સિક્કાવાળા) સ્કોલરશિપ વિભાગ,ખાતેથી નીચે જણાવેલ સ્થળેથી મેળવવાના તેમજ ભરીને પરત આપવાના રહેશે.

(૧) સંબંધિત વિદ્યાર્થીના આગલા ધોરણના ગુણપત્રક (Marksheet)ની પ્રમાણિત નકલ.
(૨) મા-બાપ/વાલીની વાર્ષિક આવકનો દાખલો અથવા સોગંદનામુ.
(૩) વિદ્યાર્થી છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં હોય તો છાત્રાલયના વડા તેમજ શાળાના મુખ્ય શિક્ષકશ્રીના સહી-સિક્કાવાળું પ્રમાણપત્ર
(૪) શાળાનું પુરેપુરુ સરનામું (પીનકોડ નંબર સહિત), શાળાનો ફોન નંબર તેમજ મુખ્ય શિક્ષકશ્રીનો ફોન નંબર.
(૫) શાળાની બેંકનો ખાતા નંબર (બેંકનું નામ-શાખા સહિત) સ્પષ્ટ અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં દર્શાવવું.
(૬) પ્રાથમિક શિક્ષણ ખાતાએ આપેલ શાળાની માન્યતાના પત્રની પ્રમાણિત નકલ
(૭) શાળાના વર્ષ ૨૦૧૪-૧૫ના શૈક્ષણિક વર્ષના વાર્ષિક નિરીક્ષણ અહેવાલ (Annual Inspection Report)ની નકલ.
(૮) દરેક વિદ્યાર્થીના આધાર કાર્ડ નંબર તેમજ બેંકનો ખાતા નંબર.
(૯) વિદ્યાર્થીની ધોરણવાર/જાતિવાર સંખ્યા દર્શાવતું તારીજ પત્રક-૧ (સામેલ પત્રક-૧ મુજબ)
(૧૦) ગત વર્ષે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ / ફી નું ચુકવણું કર્યા અંગેનું પ્રમાણપત્ર (Utilization Certificate)

**ભારત સરકારશ્રીની પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ / ફી મેળવવાની પાત્રતા માટેની શરતો :-**

(૧) વિદ્યાર્થી/વિદ્યાર્થિની ધાર્મિક લઘુમતિ જાતિ (મુસ્લિમ, ખ્રિસ્તી,શીખ,પારસી,જૈન,બૌદ્ધ ધર્મ પૈકી)ના હોવા જોઈએ.
(૨) વિદ્યાર્થીના આગલા ધોરણની પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦ % ગુણ મેળવેલ હોવા જોઈએ.
(૩) વિદ્યાર્થીના મા-બાપ/વાલીની બધાં જ સ્ત્રોતો માંથી ૨૦૧૪-૧૫ની વાર્ષિક આવક રૂા. ૧.૦૦ લાખ (અંકે રૂપિયા એક લાખ) થી ઓછી હોવી જોઈએ.
(૪) વિદ્યાર્થીના ધંધો/મજૂરી કરતાં સ્વરોજગારીવાળા મા-બાપ/વાલીઓએ તેઓની વાર્ષિક આવક અંગે નોન-જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર પર એફીડેવીટ કરી રજૂ કરવાનું રહેશે જ્યારે નોકરી કરતાં મા-બાપ/વાલીએ તેમના નોકરીદાતા પાસેથી વાર્ષિક આવકનો દાખલો મેળવી રજૂ કરવાનો રહેશે.
(૫) આ યોજના હેઠળ શિષ્યવૃત્તિ/ફી નો લાભ એક જ કુટુંબના વધુમાં વધુ બે સંતાનોને જ મળવાપાત્ર રહેશે.
(૬) સંબંધિત શાળાના સત્તાધિકારીશ્રીઓએ નિયત કર્યા મુજબ વિદ્યાર્થીની શાળામાં નિયમિત હાજરી હોવી જોઈએ. અનિયમિત હાજરીવાળા વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ નામંજૂર કરવામાં આવશે.
(૭) વિદ્યાર્થીના શૈક્ષણિક કારકીર્દિના હિતમાં અને અનિવાર્ય સંજોગો સિવાય વિદ્યાર્થીની શાળાની ફેરબદલી (સ્થળાંતર Migration) કરી શકાશે નહી.
(૮) વિદ્યાર્થી શાળાની શિસ્તનો અમલ ન કરે અને શિસ્તભંગ કરશે તો અત્રેની કચેરી દ્વારા વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ ચૂકવણી સ્થગિત કરવામાં આવશે અથવા શિષ્યવૃત્તિની ચૂકવણી રદ કરવામાં આવશે.
(૯) વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ જો ખોટા આધાર-પુરાવા કે ખોટી માહિતી રજૂ કરી મેળવવામાં આવેલ છે. તેવું પુરવાર થશે તો વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ / ફી ની રકમ નામંજૂર કરવામાં આવશે અને જો શિષ્યવૃત્તિ / ફિ ની રકમ મંજૂર કરી વિદ્યાર્થીને ચુકવવામાં આવેલ હશે તો તે રકમ પરત વસૂલ કરવામાં આવશે. અને કાયદેસર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
(૧૦) વિદ્યાર્થીની પ્રવેશ ફી / શિક્ષણ ફી ની રકમ વિદ્યાર્થીની શાળા / શૈક્ષણિક સંસ્થાના બેંકનાં ખાતામાં જમા કરવામાં આવશે.
(૧૧) વિદ્યાર્થીની શિષ્યવૃત્તિની રકમ સંબંધિત વિદ્યાર્થીનાં બેંકના ખાતામાં જમા કરાવવાની રહેશે.
(૧૨) ભારત સરકારશ્રીની લઘુમતી કોમના વિધાર્થીઓ માટેની પ્રિ. મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ લાભ મેળવતા વિદ્યાર્થી /વિદ્યાર્થિની સરકારશ્રીની કોઈપણ બીજી શિષ્યવૃત્તિ / ફી નો લાભ મેળવી શકશે નહી.
(૧૩) ભારત સરકારશ્રી સદરહુ પ્રિ. મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાં નીતિ-નિયમો ગમે ત્યારે બદલી શકેશે.

(૧૪) સંબંધિત વિદ્યાર્થીને મંજૂર થયેલ શિષ્યવૃત્તિ / ફી ની રકમનું ચૂકવણું બેંક મારફતે કરી તેનું U.T.C. રજૂ કર્યા બાદ જ બીજા વર્ષની (ત્યાર પછીના વર્ષની) શિષ્યવૃત્તિ / ફી મંજૂર થઈ શકશે.

(૧૫) બહારગામ થી આવ-જા કરી શાળામાં અભ્યાસ કરતાં (an out station students) વિદ્યાર્થીના કેસમાં વિદ્યાર્થી કોઈ ‘‘છાત્રાલયમાં રહી અભ્યાસ કરતો નથી’’. તે મતલબનું શાળા/શૈક્ષણિક સંસ્થાનું વડાએ પ્રમાણપત્ર અવશ્ય રજૂ કરવાનું રહેશે.

(૧૬) વિદ્યાર્થી દીઠ અલગ ફોર્મ ભરવાનું રહેશે.

(૧૭) વિદ્યાર્થીનું બેંક ખાતું હોવું જરૂરી છે.

(૧૮) શિષ્યવૃત્તિના ફોર્મ જમા કરાવવા આવો ત્યારે પરિપત્રમાં જણાવ્યા મુજબ ધર્મ પ્રમાણેની તારીજ સાથે લાવશો.

(૧૯) પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિના ફોર્મ નિયત સમયે અને તારીખે અચૂક અવશ્ય જમા કરાવવાના રહેશે.

(૨૦) ભારત સરકારશ્રીની લઘુમતી કોમના વિદ્યાર્થીઓ માટેની સદરહુ પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ લાભ મેળવવા માટે વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ / ફીની દરખાસ્ત આ સાથે સામેલ નિયત અરજી ફોર્મ તથા દરખાસ્ત પત્રક અંગ્રેજીમાં "Times New Roman" માં ફોન્ટની સાઈઝ ૯ની હોવી જોઈએ. તથા Microsoft Excel પોગ્રામમાં ((ફ્રેસ ફોર્મની બે સીડી તથા રીન્યુઅલની ફોર્મની ૨ સીડી અલગ અલગ બનાવવી) તથા હાર્ડકોપી ત્રણ નકલમાં) તૈયાર કરી ફ્રેશ / રિન્યુઅરલ ધર્મ વાઈઝ દરખાસ્તો, ધોરણ – ૧ થી ૮ના વિદ્યાર્થીઓની આ સાથે Excel Sheetના નમૂનામાં ફ્રેસની અલગ દરખાસ્ત કોલમ નં. ૧ થી ૨૬ મુજબ એક જ Excel file માં ધર્મવાઈઝ ૬ Sheet અને ૧ Sheet સમરીની સહિત કુલ ૭ Sheet મુજબ તેમજ તે પ્રમાણે Renewalની ૭ Sheet અલગ દરખાસ્ત મુજબ રજુ કરવી. અને આ પ્રમાણે સોફટકોપી પ્રપોઝલ (સી.ડી. ઉપર માર્કર પેનથી શાળાનું નામ, વર્ષ, રિન્યુઅલ કે ફ્રેસ ફોર્મ અને ફોર્મની સંખ્યા તથા મુ.શિ.શ્રીનો મોબાઈલ નંબર અવશ્ય લખશો.) તૈયાર કરી સ્કોલરશીપ વિભાગ ખાતે રજૂ કરવી. તદ્ઉપરાંત શાળા દફતરે પણ એક સી.ડી. તથા એક હાર્ડકોપી રાખવી.

(૨૧) રીન્યુઅલ તથા ફ્રેસ ફોર્મ અલગ-અલગ પ્લાસ્ટીકની મજબૂત કોથળીમાં પેક કરી આપવાના રહેશે. તથા કોથળી ઉપર માર્કર પેથી શાળાનું નામ ફ્રેસ ફોર્મ છે કે રિન્યુઅલ તે લખવું સાથે ફોર્મની સંખ્યા સ્પષ્ટ વંચાય તે મુજબ દર્શાવવાની રહેશે. (સી.ડી. તથા પત્રકો કોથળીમાં પેક કરવા નહીં. પરંતુ ફ્રેસ ફોર્મના પત્રકો તેમજ તેની સીડી અને રીન્યુઅલ ફોર્મના પત્રકોની તેની સીડી અલગ અલગ ફાઈલમાં ભરાવી ફાઈલ ઉપર ઉપરમુજબની (પ્લાસ્ટીકની કોથળી પર લખેલ)તમામ વિગતો લખી આપવાના રહેશે. પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિના ફ્રેશ તથા રિન્યઅલ ફોર્મ તારીજ, સીડી વગેરે જણાવેલ તારીખે અચૂક જમા કરાવશો.

(૨૨) પત્રકો ફરજીયાત પણે Microsoft Excel પોગ્રામમાં જ બનાવવાના છે અન્ય કોઈ પ્રોગ્રામમાં બનાવવા નહીં. તેમજ તેની સીડી બનાવ્યા બાદ કમ્પ્યૂટરમાં ચેક કરી સીડી ખુલે છે કે નહીં તે ચેક કરીને જ જમા કરાવશો.

ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધાર્મિક લઘુમતી કોમના વિદ્યાર્થીઓને નીચે દર્શાવેલ વિગતે શિષ્યવૃત્તિ, પ્રવેશ ફી તેમજ શિક્ષણ ફી મંજૂર કરવામાં આવશે.

| ક્રમ નં. | અભ્યાસક્રમ | હોસ્ટેલર | ડેસ્કોલર |
|---|---|---|---|
| ૧. | ધોરણ ૬ થી ૮ માટે પ્રવેશ ફી | વાર્ષિક રૂા. ૫૦૦/- (ખરેખર થયેલ ખર્ચની મર્યાદામાં) | વાર્ષિક રૂા. ૫૦૦/- (ખરેખર થયેલ ખર્ચની મર્યાદામાં) |
| ૨. | ધોરણ ૬ થી ૮ માટે શિક્ષણ ફી | માસિક રૂા. ૩૫૦/- (ખરેખર થયેલ ખર્ચની મર્યાદામાં) | માસિક રૂા. ૩૫૦/- (ખરેખર થયેલ ખર્ચની મર્યાદામાં) |
| ૩. | શૈક્ષણિક વર્ષ દરમ્યાન નિભાવ ભથ્થુ (શિષ્યવૃત્તિ) ફકત ૧૦ માસ માટે | | |
| | ધોરણ ૧ થી ૫ માટે | શૂન્ય | રૂા. ૧૦૦/- પ્રતિ માસ |
| | ધોરણ ૬ થી ૮ માટે | રૂા. ૬૦૦/- પ્રતિ માસ (ખરેખર થયેલ ખર્ચની મર્યાદામાં) | રૂા. ૧૦૦/- પ્રતિ માસ |

**પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિના ફ્રેસ તથા રિન્યુઅલ ફોર્મ મેળવવા બાબતના રીપોર્ટનો નમૂનો.**

શાળાનું નામ :- ઝોન :- જાવક નંબર :- તારીખ :-

| અનુક્રમ નંબર | વિદ્યાર્થીની કુલ સંખ્યા | ફ્રેસ ફોર્મની સંખ્યા | રિન્યુઅલ ફોર્મની સંખ્યા |
|---|---|---|---|
| | | | |

મુખ્ય શિક્ષકશ્રીનો સહી સિક્કો.

પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિના ફ્રેસ તથા રીન્યુઅલ ફોર્મ લેવા નીચે પ્રમાણે જણાવેલ તારીખે અને સમયે જે તે ઝોનની શાળાઓએ આવવાનું રહેશે.

| ઝોન નંબર | તારીખ | સમય | સ્થળ |
|---|---|---|---|
| ઉત્તર / દક્ષિણ / પૂર્વ | ૭-૭-૧૫ | ૧૧.૦૦ થી ૦૫.૦૦ (૨-૦૦ થી ૨-૩૦ રિશેષ) | જમાલપુર શાળા નંબર. ૪ |
| પશ્ચિમ / હિન્દી / ઉર્દુ | ૮-૭-૧૫ | | |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પ્રિ.મેટ્રિક શિષ્યવૃત્તિના ભરેલા ફોર્મ સી.ડી., તારીજ વગેરે નીચે જણાવેલ તારીખે અને સમયે જમા કરાવવાના રહેશે.

| **ઝોન નંબર** | **તારીખ** | **સમય** | **સ્થળ** |
|---|---|---|---|
| ઉત્તર / દક્ષિણ | ૨૨-૭-૧૫ | ૧૧.૦૦ થી ૦૫.૦૦ (૨-૦૦ થી ૨-૩૦ રિશેષ) | જમાલપુર શાળા નંબર. ૪ |
| પૂર્વ / પશ્ચિમ | ૨૩-૭-૧૫ | | |
| હિન્દી / ઉર્દૂ | ૨૪-૭-૧૫ | | |

**વિદ્યાર્થીઓની ધોરણવાર સંખ્યાની વિગત દર્શાવતું તારીખ પત્રક**

**પત્રક ૧**

| અનુ. નંબર | ધોરણ | મુસ્લીમ | | ખ્રિસ્તી | | શીખ | | પારસી | | જૈન | | બૌધ્ધ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧ | ૧ | | | | | | | | | | | | | | |
| ૨ | ૨ | | | | | | | | | | | | | | |
| ૩ | ૩ | | | | | | | | | | | | | | |
| ૪ | ૪ | | | | | | | | | | | | | | |
| ૫ | ૫ | | | | | | | | | | | | | | |
| ૬ | ૬ | | | | | | | | | | | | | | |
| ૭ | ૭ | | | | | | | | | | | | | | |
| ૮ | ૮ | | | | | | | | | | | | | | |
| કુલ | | | | | | | | | | | | | | | |

મુખ્ય શિક્ષકશ્રી નો સહી / સિક્કો

ભારત સરકારશ્રી ની લઘુમતી જાતિ ની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિની ફ્રેશ દરખાસ્ત મોકલવા માટેનું પત્રક (ફક્ત ધોરણ ૧ થી ૮ માટે)

Director of Developing caste Welfare Department Gujarat State, Gandhinagar

FRESH PRAPOSAL FOR PRE.METRIC SCHOLARSHIP SCHEME BELONGING TO MINORITY STUDENT YEAR - 2015-16 RELIGION — FRESH

| Sr. No | Name of student | Parent name (Father/ Mother/ Guardian) | date of Birth (DOB) | Gender Male Female (M)-(F) | Community/ Religion Muslim (M) Christian (C) Buddha (B) Jain (J) Parsi (P) Sikh (S) | Adhaar No. (If Issued) | Student's Permanent Address (District, State, PIN) | Class Standing year 2015-16 | Percentage of marks in previous final examination year 2014-15 | Name of the school/ institution currently studying | Address of the school/ institution currently studying (District, State, PIN) | Annual Income Parents Guardian-Year-2014-15 | Whether Fresh (F) | | Name of Bank | Bank Account No. | IFSC Code | Bank address | Name As In Bank Account | If not in student's name Relationship with Account holder (Either mother or Father) | Amount of scholarship in . Admission fee | | | Total | District NAME |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | Fresh (F) | Dayscholar/ Hosteler (D)/(H) | | | | | | | Admission fee | Tution fee | Maintenance Allowance | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | TOTAL | | | | | | | | | | | | | 0 | 0 | 0 | 0 | |

નોંધ:-

(૧) ૨૦૧૫-૧૬ની દરખાસ્ત ઉપરોક્ત નમુનામાં softcopy માં અવશ્ય મોકલવાની રહેશે.

(૨) કોલમ નં ૭ માં આધાર કાર્ડ નંબર લખવો (જો હોય તો).

(૩) કોલમ નં ૧૭ માં બેંક એકાઉન્ટ નંબર કોઇપણ ભૂલ વગર ફરજીયાત લખવાનો રહેશે. (વિદ્યાર્થી / પિતા-માતા / વાલી માંથી કોઇ એક)

(૪) કોલમ નં ૧૮ માં બેંકનો IFSC CODE ફરજીયાત લખવાનો રહેશે.

(૫) કોલમ નં ૨૦ માં જે બેંક એકાઉન્ટ દર્શાવેલ હોય તેજ બેંક એકાઉન્ટની પાસબુકમાં લખેલ નામ લખવાનુ રહેશે.

(૬) કોલમ નં ૨૧ માં જો બેંક એકાઉન્ટ વિદ્યાર્થીનુ ના હોય તો, આપેલ બેંક એકાઉન્ટ ધારકનો વિદ્યાર્થી સાથેનો સંબંધ લખવાનો રહેશે.. દા.ત. Mother/ Father / Gardian

(૭) આધાર નંબર હોય તો BANK ACCOUNT સાથે LINK કરાવવું જરૂરી છે.

(૮) ગત વર્ષ મુજબ વર્ષ ૨૦૧૫-૧૬ ની પ્રિ-મેટ્રીકની દરખાસ્ત પણ ધોરણ વાઇઝ એક્સેલ ફાઇલ માં અલગ-અલગ શીટમાં અહિ આપેલ નમુના મુજબ બનાવવાની રહેશે.

ફ્રેશ તથા રીન્યુઅલ ની ફાઇલ અલગ અલગ બનાવવાની રહેશે.

## ભારત સરકારશ્રી ની લઘુમતી જાતિ ની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિની રીન્યુઅલ દરખાસ્ત મોકલવા માટેનુ પત્રક (ફક્ત ધોરણ ૨ થી ૮ માટે)

### Director of Developing caste Welfare Department Gujarat State, Gandhinagar

RENEWAL PROPOSAL FOR PRE-METRIC SCHOLARSHIP SCHEME BELONGING TO MINORITY STUDENT YEAR - 2015-16 RELIGION - — RENEWAL

| Sr. No. | Name of student | Parents name (Father/ Mother/ Guardian) | Date of Birth (DDD) | Gender Male Female (M)-(F) | Community/ Religion Muslim (M) Christian (C) Buddha (B) Jain (J) Parsi (P) Sikh (S) | Adhaar No. (If Issued) | Student's Permanent Address (District, State, PIN) | Class Standing year-2015-16 | Percentage of marks in previous final examination year 2014-15 | Name of the school/ Institution currently studying | Address of the school/ institution currently studying (District, State, PIN) | Annual Income Parents Guardian-Year-2014-15 | Whether | | Name of Bank | Bank Account No. | IFSC Code | Bank address | Name As in Bank Account | If not in student's name Relationship with Account holder (Either mother or father) | Amount of scholarship in . | | | Total | District NAME |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | Renewal (R) | Dayscholar/ Hosteler (D)-(H) | | | | | | | Admission fee | Tution fee | Maintenance Allowance | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| TOTAL | | | | | | | | | | | | | | | | | | | | | 0 | 0 | 0 | 0 | |

નોંધ:
(૧) ૨૦૧૫-૧૬ની દરખાસ્ત ઉપરોક્ત નમુનામાં softcopy માં અવશ્ય મોકલવાની રહેશે.
(૨) કોલમ નં ૭ માં આધાર કાર્ડ નંબર લખવો. (જો હોય તો)
(૩) કોલમ નં ૧૭ માં બેંક એકાઉન્ટ નંબર એક્સેલ મૂળ વગર ઇંગ્લીશમાં લખવાનો રહેશે. (વિદ્યાર્થી / પિતા-માતા / વાલી માંથી કોઇ એક)
(૪) કોલમ નં ૧૮ માં બેંકનો IFSC CODE ઇંગ્લીશમાં લખવાનો રહેશે.
(૫) કોલમ નં ૨૦ માં જે બેંક એકાઉન્ટ દર્શાવેલ હોય તેજ બેંક એકાઉન્ટની પાસબુકમાં લખેલ નામ લખવાનું રહેશે.
(૬) કોલમ નં ૨૧ માં જો બેંક એકાઉન્ટ વિદ્યાર્થીનું ના હોય તો, આપેલ બેંક એકાઉન્ટ ધારકનો વિદ્યાર્થી સાથેનો સંબંધ લખવાનો રહેશે. દા.ત. Mother / Father / Guardian.
(૭) આધાર નંબર હોય તો BANK ACCOUNT સાથે LINK કરાવવું જરૂરી છે.
(૮) ગત વર્ષે મુજબ વર્ષ ૨૦૧૫-૧૬ ની પ્રિ-મેટ્રીકની દરખાસ્ત ધર્મ વાઇઝ એક્સલ માં અલગ-અલગ શીટમાં અહિં આપેલ નમુના મુજબ બનાવવાની રહેશે.

ફ્રેશ તથા રીન્યુઅલ ની દરખાસ્ત અલગ અલગ બનાવવાની રહેશે.